ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૨૨/૧૮-૧૯/2965 તારીખ: 3 JUL 2018

**આર.પી.એ.ડી.**

**કેસ નં.: ૨૨/૧૮-૧૯**

પ્રતિ,
શ્રી પ્રવિણસિંહ ધીરુભા ગોહિલ,
૩૫/સી, શેરી નં.૨, શાંતિનગર,
ગાયત્રી મંદિર સામે, ચિત્રા,
ભાવનગર.
મો.૯૪૨૬૫ ૯૨૨૬૮.

વિષય: નવા ખેતીવાડી વીજ કનેકશનના બિલ બાબત.

સંદર્ભ: (૧) આપનો પત્ર અત્રેની કચેરીને મળ્યા તા.૧૯-૦૪-૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૨/૧૮-૧૯/૧૯૬૧ તા.૦૨/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૨/૧૮-૧૯/૨૫૮૯ તા.૧૩/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૨/૦૬/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, બોટાદ.
........*ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, શહેર-૨ બોટાદ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૨૨/૧૮–૧૯**

વાદી :– **શ્રી પ્રવિણસિંહ** ધીરુભા ગોહિલ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી** :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ**:– ૨૨/૦૬/૨૦૧૮

હાજર રહયા :– શ્રી પ્રવિણસિંહ ધીરુભા ગોહિલ (વાદીશ્રી પોતે)

પ્રતિવાદી :– શ્રી એ.એ.જાડેજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

**શ્રી પ્રવિણસિંહ ધીરુભા ગોહિલ**, મુ.ભાવનગરના નવા ખેતીવાડી વીજ કનેકશનના બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, **ગ્રાહક ફરિયાદ નિવારણ** ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૨ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૨૨/ ૧૮–૧૯/ ૧૯૬૧ તા.૦૨/૦૫/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

**આમ છતાં**, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૨/૦૬/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી પ્રવિણસિંહ ધીરુભા ગોહિલ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ.એ.જાડેજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☛ **વાદીશ્રીની રજુઆત**:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમોએ પાળીયાદ કચેરી ખાતે થી ગ્રાહક નં. ૮૬૯૨૯/૦૨૭૧૦/3 થી એ-૩ કેટેગરી હેઠળ ખેતીવાડી વીજ જોડાણ મેળવેલ છે અને તેના વીજ વપરાશના મુજબના બીલો અમો નિયમિત ચૂકવવા સહમત હતા પરંતુ વીજ કંપની તરફથી અમોને ક્યારેય બીલ આપવામાં આવેલ નહિ અને અવારનવાર માંગવા છતાં બીલ મળતું નહિ. તેમજ વીજ કંપની તરફથી કોઈ સંતોષકારક જવાબ મળેલ નહિ.

૧.૨ આ કામના સામાવાળા એ સંદર્ભ પત્ર પી.એસ.ડી./બિલિંગ/૫૧૯૪ તા.૬.૧૦.૧૫ થી અમોને રૂ. ૧૯,૭૭૧/- ચૂકવી આપવા અને બોટાદ લોક અદાલતમાં તારીખ ૧૦.૧૦.૧૫ ના રોજ હાજર રહેવા જણાવેલ પરંતુ સામાવાળા કોઈ હાજર રહેલા નહિ અને એમના જણાવ્યા મુજબ નો કોઈ કેસ કોર્ટમાં દાખલ થયેલ નહિ તેથી અમારે પરત આવવું પડેલુ.

P.G.V.C.L. Bhavnagar Consumer Forum

..❷..

૧.૩ આ કામના **સામાવાળા એ** બનાવેલુ રૂ. ૧૯,૭૭૧/- નું બીલ ખોટું અને ગેરકાયદેસર નું છે અને **તેમના જણાવ્યા મુજબનો** અમારા મીટરમાં કોઈ વીજ વપરાશ થયેલ નથી કે તેવા કોઈ **દસ્તાવેજી પુરાવા અમોને** પુરા પાડતા નથી કે અમારા જણાવવા છતાં અમારું વીજ **જોડાણ શરુ કરી આપતા નથી** તેથી આ અપીલ કરવા ફરજ પડેલ છે.

૧.૪ **સબબ અરજ છે કે અમારા** ગ્રાહક નં. ૮૬૯૨૯/૦૨૭૧૦/3 કેટેગરી એ-3 , કાનીયાડ વાળું **વીજ જોડાણ તાત્કાલિક** અસર થી શરુ કરી આપવા સામાવાળા ને હુકમ કરવા મહે. **કરશોજી.**

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત:</u>**– તેમની રજૂઆત છે કે,

**૨.૧** **ગ્રાહક શ્રી** પ્રવીણસિહ ધીરુભા ગોહિલ તેમની કાનીયાડ ગામની ખેતીવાડી મા ગ્રાહક નં. ૮૬૯૨૯/૦૨૭૧૦/3 થી એ-3 કેટેગરી હેઠળ ખેતીવાડી વીજ જોડાણ ધરાવતા હતા. સદર વીજ જોડાણ તારીખ ૨૧.૧૨.૨૦૧૧ના રોજ ચાલુ કરવામાં આવેલ હતું. ત્યારબાદ તેમનું પ્રથમ બીલ ૨૭.૧૨.૧૩ ના રોજ બનાવવામાં આવેલ છે. ત્યારબાદ દર બે મહિને બીલ બનેલ છે.

૨.૨ જે-તે સમયે ગ્રાહકને **બીલ ન મળેલ હોયતો** આ અંગે **અરજદાર શ્રી** દ્વારા પાળીયાદ પેટા વિભાગીય કચેરી **એ કોઈ** પણ પ્રકારની લેખિત **જાણ** કરેલ **નથી** તેમજ આજ દિન સુધી બીલ પેટે કોઈ પણ રકમ ભરપાઈ કરેલ નથી.

૨.3 ગ્રાહક ના ખાતે રકમ રૂ. ૧૨૯૦૭ બાકી નીકળતી હોવાથી તારીખ ૩૧.૭.૨૦૧૪ ના રોજ સ્થળ પરથી મીટર સર્વિસ ઉતારી વીજ જોડાણ NPDC કરેલ છે. (CR NO.967/31.7.14). ત્યારબાદ ગ્રાહક શ્રી ને પાળીયાદ પેટાવીભાગીય કચેરી દ્વારા બીલ ની બાકી રકમ ભરપાઈ કરવા અંગે અને સદર વીજ જોડાણ પુન: ચાલુ કરાવવા અંગે પત્ર ન. ૪૬૦૨ તા. ૩૦.૮.૧૪ અને પત્ર ન.૭૩૫૭ તા.૩૦.૧૦.૧૪ થી નોટીસ પાઠવવા મા આવેલ.

૨.૪ અરજદારશ્રી ને બીલ પેટે બાકી રકમ તારીખ ૧૦.૧૦.૨૦૧૫ ની લોક અદાલત મા ભરપાઈ કરવા પાળીયાદ પેટા વિભાગીય કચેરી દ્વારા **જાણ** કરવામાં આવેલ છે. અરજદાર શ્રી અરજીમાં જણાવેલ કે તેઓ આ તારીખે લોક અદાલતમાં આવેલ પરંતુ પાળીયાદ પે.વી. કચેરીના કોઈ પ્રીતીનીધી હાજર રહેલ ન હતા પરંતુ આ તારીખે પાળીયાદ પે.વી. કચેરીના પ્રતિનિધિ બોટાદ ખાતે ની લોક અદાલતમાં હાજર હતા અને કુલ ૧૦ પ્રી- લીટીગેશન ના **કેસો** નું સમાધાન થયેલ.

**૨.૫** *<u>**ગ્રાહકશ્રી**ની બાકી રકમ પેટે વર્ષ ૨૦૧૬ મા દાવો દાખલ કરેલ છે. જેનો દાવા નં. ૧૨૮/૧૬ **છે.**</u>* **તેમજ** ગ્રાહક શ્રી સાથે આ દાવા બાબતે વર્ષ -૨૦૧૬ મા પાળીયાદ પે.વી. કચેરી તે **સમયે ફરજ બજા**વતા સીનીયર આસિસ્ટન્ટ શ્રી ડી.એસ. ડાભી સાથે ટેલીફોનીક વાત થયેલ **હતી અને તે સમયે** ગ્રાહક શ્રી એ જણાવેલ કે તેઓ આ રકમ ૨ થી ૩ દિવસમાં ભરપાઈ **કરી જશે પરંતુ ગ્રાહક શ્રી** દ્વારા આજ દિન સુધી બાકી રકમ ભરપાઈ કરેલ નથી.

P.G.V.C.L. Bhavnagar

૨.૬ તારીખ ૬.૪.૨૦૧૮ ના રોજ બાકી નીકળતી મૂળ રકમ ૧૯૭૪૧.૨૯ છે . ઉપરાંત જે રકમ ઉપર ડી.પી.સી. રૂપિયા ૮૦૫૦ ઉમેરતા રૂપિયા ૨૭૭૯૧.૨૯ ભરપાઈ કરવાના રહેતા હતા. ઉપરાંત દાવા પેટે વકીલ ફી રૂપિયા ૩૦૦૦ /- અને કોર્ટ ફી પેટે રૂપિયા ૧૯૭૫ ભરપાઈ કરવાના રહેતા હતા. જે અન્વયે ગ્રાહક શ્રી ને ૨૨.૪.૧૮ ના રોજ લોક અદાલતમાં હાજર રહેવા કોર્ટ દ્વારા નોટીસ આપવામાં આવેલ અને તે સંદર્ભે અરજદાર શ્રી બોટાદ કોર્ટ કમ્પાઉન્ડ મા લોક અદાલત મા હાજર રહેલ અને ત્યાં તેમને દાવા ની વાદીની નકલ રૂબરૂ આપવામાં આવેલ પરંતુ ગ્રાહક શ્રી આ લીક અદાલતમાં પણ સમાધાન કરેલ નથી.

૨.૭ સદર બાબતે અરજદાર દ્વારા આ અગાઉ પણ પેટાવિભાગીય કચેરી -પાળીયાદ ,વિભાગીય કચેરી- બોટાદ અને વર્તુળ કચેરી,બોટાદ ખાતે રજૂઆત કરેલ તે દરમ્યાન પણ અધિક્ષક ઇજનેર, વર્તુળ કચેરી દ્વારા પત્ર નં. બીટીસીઓ/રેવ/૨૦૧૮ તા.૭.૪.૧૮ ના રોજ જરૂરી પ્રત્તુતર પાઠવેલ છે અને ૨૨.૪.૧૮ ના રોજ લોક અદાલત નું આયોજન હોઈ એ પહેલા પાળીયાદ કચેરી નો સંપર્ક કરવા જણાવેલ.

૨.૮ વધુમાં સદર રકમ હાલની માફી યોજના હેઠળ ભરપાઈ કરવા પાળીયાદ પે.વી. કચેરી દ્વારા પત્ર નં. ૪૦૭૮ થી તારીખ ૬.૬.૨૦૧૮ ના રોજ જાણ કરેલ છે તેમજ સદર બાબતે અરજીમાં આપેલ મોબાઈલ નં. ઉપર પણ જાણ કરેલ અને ત્યારબાદ અરજદાર દ્વારા પાળીયાદ પે.વી. કચેરી ખાતે તારીખ ૧૮.૬.૧૮ ના રોજ રૂબરૂ સંપર્ક કરેલ અને ચારેક દિવસમાં ભરપાઈ કરવા પાત્ર રકમ પાળીયાદ પે.વી. કચેરી ખાતે ભરી જશે તેમ જણાવેલ. આજ સુધી મા કોઈ રકમ અરજદાર દ્વારા ભરપાઈ કરેલ નથી.

૨.૯ સદર બાકી નીકળતી રકમ ભરપાઈ કર્યા બાદ સદર વીજ જોડાણ પીડીસી- રી કનેક્શન અંગે જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરી જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઈ કર્યા બાદ વીજ જોડાણ પુન: જોડાણ અંગે કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

☛ <u>ફોરમનું તારણ</u> :— વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ગ્રાહક નં.૮૬૯૨૯/૦૨૭૧૦/૩ થી ખેતીવાડી વીજ જોડાણ ગામ કાનીયાડ મુકામે ધરાવતા હતા.

૩.૨ પ્રતિવાદી દ્વારા વાદી પાસેથી વીજ બીલની રકમ રૂા.૧૨,૯૦૭–૦૦ બાકી નીકળતી હોવાથી તા.૩૧–૦૭–૧૪ ના રોજ વાદીનું વીજ જોડાણ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ.

૩.૩ પ્રતિવાદી દ્વારા વાદીને તેના વીજ બીલની બાકી રકમ ભરપાઈ કરવા માટે તા.૩૦–૦૮–૧૪ અને ૩૦–૧૦–૧૪ ના રોજ નોટીસ પાઠવવામાં આવેલ.

૩.૪ વાદી ગ્રાહકની બાકી વીજ બીલની રકમની વસુલાત માટે પ્રતિવાદી દ્વારા નામદાર કોર્ટમાં દાવા નં.૧૨૮/૧૬ થી દાવો દાખલ કરવામાં આવેલ છે.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum * Consumer

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદી**ની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને **ઉપરના તારણો** પરથી હુકમ કરવામાં આવે છે કે, " **તારણ નં.૩.૪ મુજબ વાદી સામે પ્રતિવાદીએ સીવીલ સ્યુટ દાખલ કરેલ હોઈ જે હાલ પેનડીંગ હોઈ જીઈઆરસી નાં નોટી. નં. ૨/૧૧ નાં કલોઝ નં.૨.૩૦ (૧) મુજબ ફોરમ ધ્વારા કોઈ હુકમ આપવામાં આવતો નથી.**
- **સદર** હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, **પોલીટેકનીક** કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
ટેકનીકલ સભ્યશ્રી

**(એમ. આર.વજરીયા)**
અઘ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ:-૨૨/૦૬/૨૦૧૮

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar